Write Time Mobile PDF

રાઈટ ટાઈમ ગુજરાતી મેગેઝિન

It's 'YOUR TIME'
To write

Free E-Magazine

© nisargmodia@yahoo.com
9904709609
niviga88@gmail.com
9974529517


અંક-૪૭, જૂન-૨૦૨૦

VISIT…

LANZAROTE
Caliente.com

ટીમ રાઈટ ટાઈમ તરફથી .....

સાહિત્ય જગતમાં "ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ"નું અલગ જ સ્થાન છે. ૧૮૬૬માં મૂળ રશિયન ભાષામાં આ કૃતિ સૌ પ્રથમ વાર પ્રકાશિત થઇ હતી. ત્યારબાદ વિશ્વની અનેક ભાષાઓમાં આ નવલકથાના અનુવાદ થઇ ચૂક્યા છે. "અણી ચૂક્યો સો વર્ષ જીવે" તે કહેવત આ કૃતિના લેખક ફ્યોદોર દોસ્તોએવ્સ્કીને સાંગોપાંગ લાગુ પડે છે. વાત જાણે એમ છે કે ૧૮૪૯માં રશિયન રાજાએ રાજ્ય સામે પ્રવૃતિ કર્યાના આરોપસર દોસ્તોએવ્સ્કીને ગોળીએ દેવાનો હુકમ કરેલો. આ હુકમની બજવણી હેતુ તમામ તૈયારીઓ થઇ ગઇ હતી પણ ત્યાંજ અચાનક રાજાએ હુકમ ફેરવી નાંખ્યો અને દોસ્તોએવ્સ્કીને આજીવન કારાવાસની નવી સજા ફટકારાઇ.આમ તેમણે સાઇબીરીયામાં આજીવન કારાવાસ ભોગવ્યો અને સાજા ભોગવીને પાછા આવ્યા બાદ તેમણે લેખન કરવા માંડ્યું અને સાહિત્ય જગતમાં ડંકો વગાડી દીધો. આ લેખકની "ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ"ના વાંચનથી ભારતમાં એક સંગીતકારને ફાયદો થયો હતો.



મશહૂર દિગ્દર્શક રમેશ સહેગલ ફ્યોદોર દોસ્તોએવ્સ્કીની "ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ" પરથી એક હિન્દી ફિલ્મ બનાવવાના હતા. એ ફિલ્મ હતી - "ફિર સુબહ આયેગી" (૧૯૫૮) આ ફિલ્મના ગીતો લખવા સાહિર લુધિયાનવીને કહેવામાં આવ્યું. કાયમની જેમ જ સાહિરે ફિલ્મના સંગીતકાર કોણ છે તે અંગે પૂછપરછ કરી.હિરો રાજ કપૂર હોઈ સ્વાભાવિક છે સંગીતકાર શંકર જયકિશન જ હતા. પણ સાહિરે "ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ" કૃતિ જે સંગીતકારે વાંચી હોય. કૃતિને જેણે સમજી હોય તેને ફિલ્મ માટે લેવા સૂચન કર્યું. આ સૂચન કરી સાહિરે "ખય્યામ"નું નામ આગળ કર્યું.(કભી-કભી, ઉમરાવજાન વગેરેમાં ખય્યામનું સંગીત છે.) આમ પોતાના વાંચનને કારણે ખય્યામજીને એક ફિલ્મ મળી.આ ફિલ્મ બાદ ફિલ્મ જગતમાં તેમણે કાઠુ કાઢ્યું. ફિલ્મ ઉદ્યોગમાં આવુ ભાગ્યે જ બનતું હોય છે.

એક કૃતિ સાથે સંકળાયેલા આ બે પ્રસંગો છે. વાંચન એ કોઈ પણ ક્ષેત્રમાં પ્રવેશવા -ટકવા-વધવા માટે અનિવાર્ય છે. તો ચાલો આપણે પણ વાંચનને સમય ફાળવીએ, વાંચીએ, વિકસીએ, આ સાથે જ આ મહિનાથી **“ નેચરનો નજારો”** અને **“મીમ ઓફ ધ મન્થ”** ભાગ પણ શરૂ થાય છે. એક તમને નેચર વિશે અવનવું જ્ઞાન આપશે તો બીજું તમારું હ્યુમરમાં ચકાશશે. તો ચાલો રાઈટ ટાઈમની વાંચનયાત્રાનો આરંભ કરીએ. **જય હિંદ, જય ભારત...જય જય ગરવી ગુજરાત..**

ટીમ રાઈટ ટાઈમ,

આપ પણ આપના પોતાના વિચારો, લેખો, કવિતા,

ટૂર-ટ્રિપના અનુભવો, સાહિત્ય, મૂવી રીવ્યુઝ,

ફોટો સ્ટોરી વગેરે કે જે અગાઉ કોઈ જગ્યાએ

પ્રસિધ્ધ ન થયા હોય તે શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરી આ

પી.ડી.એફ.ના કવર પેજ પર દર્શાવેલ

ઈ-મેઈલ પર મોકલી શકો છો.

ટીમ રાઈટ ટાઈમ,

તસ્વીર કુછ કહેના ચાહતી હૈ..

જો આપ પણ પ્રો, સેમી પ્રો, મેચ્યોર કે એમેચ્યોર

ફોટોગ્રાફર છો અને તસ્વીરના માધ્યમથી

પોતાના ફોટોની સ્ટોરી વાચકો સુધી પહોંચાડવા

માંગો છો તો આ પી.ડી.એફ.ના કવર પેજ પર દર્શાવેલ

ઈ-મેઈલ પર એચ.ડી ફોટો મોકલી શકો છો.

અનુક્રમ

આપણામાંથી કો'ક તો જાગે !

-ગોપાલ યાદવ

કંગાલોને જ્ઞાનહીણાં કરું ના,
જાલિમોને પાય ઝૂકી પડું ના,
ઊંચે માથે ક્ષુદ્રતાની વચાળે
ચાલું એવી શક્તિ આપો, પ્રભુજી!

ટાગોરની રચના અને મેઘાણીના અનુવાદનું સંયોજન થાય પછી ચમત્કાર ન સર્જાય તો જ નવાઈ! બસ ચાર લીટીમાં ખુમારીનું આજીવન ભાથું બાંધી શકાય. માંગવું જ હોય તો ટટ્ટાર માથું જ મગાય. આસપાસની કંગાલીયત વચ્ચે યુધિષ્ઠિરની જેમ એક વેત રથ કદાચ ઉંચો ન થાય પણ જમીન સાથે તો જોડાયેલા રહી જ શકાય, એનાથી નીચે તો ન જ પડાય. ગરીબને ઉભરવા માટે જ્ઞાન એ એક જ રસ્તો છે. એનાથી ય એને વંચિત કરવા એ એક પ્રકારનો ગુનો જ ગણાવો જોઈએ. જુલમ સહવા કરતા તો એને પડકારવો એ જ બહેતર છે. ચોતરફ અંધેરાની વચ્ચે નાનકડી તો નાનકડી પણ જ્યોત જલવી જોઈએ. માંગવું જ હોય તો એવું સામર્થ્ય જ મંગાય કે સતની કાંટાળી કેડી પર ચાલીને પાર ઉતરી શકાય.

જીવન શક્યતાની અનંત સંભાવનામાં વિસ્તરેલું છે. ધારેલા સ્થળ પર જવાશે કે કોલંબસની જેમ કોઈ નવી જગ્યાની ખોજ થશે એ ચાલકના દિશાનિર્દેશના સ્રોત પર આધારિત છે. રસ્તો ગુગલમેપની જેમ પ્રગટ નથી. બે ડગલાથી આગળનો રસ્તો તો કદાચ દેખાતો ય નથી. સવાલ પસંદગીનો છે. દરેક ક્ષણે નજીકની શક્યતામાંથી કોઈ એકની વરણી કરવાની થાય છે. શું સાચું છે એ તો ભાવીના ગર્ભમાં છુપાયેલું હોય છે. ગંતવ્ય સ્થાન પર પહોંચાશે કે નહિ એ આપણને નથી ખબર,

પણ આપણા હાથમાં એક જ વસ્તુ છે અને એ છે પ્રમાણિક પ્રયત્ન. આ પ્રમાણિક પ્રયત્નના પાયા પર આખી એક વેબસિરીઝ ઊભી છે, નામ છે **"પાતાલલોક"**. બે પુરાણોની



વાર્તાની વચ્ચે આખી સિરીઝ ઊભી છે. ધાર્મિક હોવાનો ગર્વ શરૂઆતની પાંચ મિનિટમાં જ તોડી નાખે છે. કારણ કે ધર્મ કે પુરાણની વાત મોટાભાગે વોટ્સએપમાં જ વાંચેલી હોય છે અને તોય સાલી લાગણી તરત દુભાઈ જાય છે. અભ્યાસ વગરની અધુરી આપણી લાગણી કદાચ દુભાવા માટે જ ઉભરાતી હશે. એ પુરાણ-મહાભારતની બે કથા વચ્ચેની વાર્તા જોઈએ એ પહેલા કથા જોઈ લઈએ:

"એવું કહેવાય છે કે આ વિશ્વ ત્રણ લોકમાં વિભાજિત છે. આકાશમાં સ્વર્ગલોક કે જેમાં દેવો રહે, ધરતી પર મનુષ્ય

લોક અને પાતાળમાં કીડા-મકોડા. સ્વર્ગલોકને કોઈ સુરક્ષાની જરૂર નથી. કારણ કે એ લોકો સુરક્ષાની વ્યવસ્થા ખુદ કરી લે છે. તકલીફ ત્યારે થાય છે કે જ્યારે પાતાળલોકના જીવજંતુઓ મનુષ્યલોકમાં જઈ ચડે છે, અને ઉત્પાત મચાવે છે. આ પોલીસ સ્ટેશન પણ પાતાળલોકમાં આવે. કોઈના ઘરે ચોરી થાય, કોઈનું મર્ડર થાય કે કોઈ પર રેપ થાય આ સ્ટેશનના ખાખી લોકને એનાથી શું ફરક પડે? રોજબરોજની સામાન્ય ઘટના જેવી જ તો છે આ વારદાતો. આના તરફ કેવી સંવેદના? જીવજંતુ તરફ શેની સહાનુભૂતિ!”

બીજી કથા: “ધર્મરાજ યુધિષ્ઠિરનો સાથ બાકીના પાંડવો અને દ્રોપદી છોડી દે અને યુધિષ્ઠિર છેલ્લે જીવતા સ્વર્ગલોક પહોંચે ત્યારે છેલ્લે સુધી એક કુતરો સાથે હોય છે. સ્વર્ગના રાજા ઈન્દ્ર ફુલોની માળા લઈને દરવાજે સ્વાગત માટે ઉભા હોય છે. યુધિષ્ઠિરની સાથે જ્યાં કુતરો દાખલ થવા જાય ત્યાં ઈન્દ્રદેવ વાંધો ઉઠાવે છે અને આવા કુતરાઓ માટે સ્વર્ગ નથી એવું ચોખ્ખું સમજાવી દે છે. એટલે યુધિષ્ઠિર કહી દે કે, છેલ્લે સુધી સાથ નિભાવનાર કુતરાને હું અડધે રસ્તે છોડી શકું નહિ. જો કુતરો નહિ તો મનેય સ્વર્ગ ન ખપે. એટલે ઈન્દ્રદેવ પ્રસન્ન થઈને બોલ્યા કે તૂ પરીક્ષામાં પાસ થયો છે આ કુતરો એ બીજુ કોઈ નહિ પણ ધર્મદેવ છે. સ્વર્ગમાં આપનું સ્વાગત છે.”

આ બે કથાની વચ્ચે આખી એક વેબસિરિઝ. પહેલામાં, નિસ્બતનો આકરો દુકાળ. એવું લાગે કે રીયાલીટીને બેઠી ઉઠાવીને સીધી વેબસિરીઝમાં ગોઠવી દીધી હોય! વાસ્તવમાં ય મોટાભાગે સમાન પરિસ્થિતિ જ હોય છે. નિર્ધન રામભરોસે છે એવું ય છાતી ઠોકીને ક્યાં કહી શકીએ છીએ! કદાચ એને તો કોઈનો ય ભરોસો નથી. પોલીસનું નામ લેતી

વખતે લાગતી બીક નક્કી બધાને ગળથૂથીમાં પાવામાં આવતી હશે. સુરક્ષાના અહેસાસની જગ્યાએ એની હાજરી અસલામતીની કારક બનતી હોય એવું અનુભવાય. બીજામાં, ઓળખાણ વગરનો આશરો. જાતને જલાવીને ય અંધારું ઉલેચવાનો ઉમંગ. સ્વાર્થ વગરનું સગપણ. સાચ માટે સ્વર્ગની ય શરમ ન ભરે એવી ખુદ્દારી. આ બે અંતિમો વચ્ચે પાતાલલોકની કહાની. (માઈલ્ડ સ્પોઈલર અલર્ટ અહેડ)

પહેલી નજરમાં એક કેસના ઈન્વેસ્ટીગેશનની કહાની લાગે. પણ પછી સમજાય કે આમાં તો પોલીટીક્સ, જર્નાલીઝમ, ચાઈલ્ડ સાયકોલોજી, માઈનોરીટી, લોવર કાસ્ટના ઈસ્યુના તડકા ય લગાવ્યા છે. ધીમા તાપે તળાતી વાનગી ખાવા માટે જે ધીરજ રાખવી પડે એવી ધીરજની કસોટી ય થાય.

શરૂઆતી સિનમાં, એક અબળા નારીને પીટતો એનો દારુડીયો પતિ પોલીસ પાસે માર ખાય ત્યારે એ જ અબળા શક્તિનું રૂપ ધારણ કરીને એને બચાવે. જે કાયર હોય એય ક્યારેક શૂરવીરપણુ બતાવે. અંધારું ઓઢીને ફરતા માણસના આત્માની જ્યોત ય ક્યારેક સળગે અને થોડો તો થોડો પ્રકાશ ફેલાવે. અવગુણનો આસામી ય ક્યારેક ગુણોની ઝલક આપે. કોઈ પરફેક્ટ હોઈ જ ન શકે. સજ્જનમાં થોડા દૂર્ગુણો હોય એમ દૂર્જનમાં પણ થોડા સારા ગુણો હોવાના જ.

આવો જ એક ઈન્સપેક્ટર હાથીરામ ચૌધરી આ આખી કહાણીનો નાયક અને આઉટર જમના પાર્કનો થાનેદાર. સિસ્ટમમાં સલામીના ઈનામ પેટે સારી જગ્યા મળતી હોય છે. પાય લાગતા ન આવડતું હોય તો સડેલી સિસ્ટમ કારકિર્દીને હાનીકારક થઈ શકે છે. ઈમાનદારીની ય આડઅસર હોઈ શકે,

યા તો છેવાડે બદલી ને યા તો બઢતીમાં રૂકાવટ. આ હાથીરામને ય વર્ષોથી એવો કોઈ કેસ નહોંતો સોંપાયો.

એકવાર એક ખ્યાતનામ પત્રકારની હત્યાના ષડયંત્રમાં ત્રણ આદમી અને એક ઔરતને પકડીને ઈન્વેસ્ટીગેશન આ હાથીરામ ચૌધરીને સોંપાય અને પછી એ આગળ વધતી કહાનીના વળ ખોલ્યા વગર માત્ર સિરીઝે ઉઠાવેલા મુદ્દાઓ પરત્વે ધ્યાન ખેંચવાનો નમ્ર પ્રયાસ છે. આખી સિરીઝ એટલી રીયાલીસ્ટીક છે કે ચોંકી જવાય. સામાન્ય રીતે વાસ્તવિક જગતથી દૂરી બનાવવા માટે કલ્પનાની પાંખે ઉડવાની મજા આવે. એસ્કેપીઝમની થોડી મોજ લુટી લેવાની લાલચ થતી હોય તો આનાથી આઘુ રહેવુ, કારણ કે વાર્તા કરતા વાસ્તવિકતા વધુ વિકરાળ હોય છે.

મિડીયા એ લોકશાહીનો ચોથો સ્તંભ ગણાય. ખરેખર આજની તારીખે પત્રકાર પોતાનો સ્વતંત્ર અવાજ ચેનલ કે પેપરની પરવા કર્યા વગર લોકોની સામે રાખી શકે છે? સવાલ ખુબ કડવો છે ને જવાબ તો એનાથીય આંકરો છે. એવા પત્રકારો આજેય છે અને ભવિષ્યમાં ય રહેવાના છે કે જે બેખોફ હોય, સત્ય તરફ એમનો પક્ષપાત હોય, કડવું સત્ય કેરીયરની પરવા કર્યા વગર પબ્લીક સુધી પહોંચાડી શકે. પણ આ માટે જીગર જોઈએ, કદાચ ખિસ્સામાં રાજીનામુ તૈયાર રાખવું પડે. નોકરી કરતા કોઈ માણસના પગાર પર એનો આખો પરિવાર નભતો હોય છે. લીલી વાડી છોડવી હંમેશા અઘરી હોય છે. એટલે જ સંઘર્ષને બદલે સમાધાનનો સ્વભાવ વિકસતો જાય. વિરુદ્ધ પરિસ્થિતિમાં વિચારધારાની ધારા ય ઉલટાય જાય. લોકશાહીના આ ચોથા પાયાને ખુરશીના ટેકેદાર બનાવવાનો દોષ એ ખંધા પત્રકારોને માથે છે જેમણે આ પવિત્ર કામને ય

વેપાર બનાવી દીધો. મુશ્કેલી એ છે કે આની જમાત બહુમતીમાં છે. કોક ખુણેથી ઉઠેલા એકલદોકલ પણ બુલંદ અવાજ પર સત્તાનો બુલડોઝર ફરતો હોય એ વખતે જનતાની ખામોશી એ એમનું બળ છે. આ પ્રેક્ટીસ જો આમ જ થશે તો સામાન્ય જનતાને સાચી સ્થિતિનો ચિતાર કોણ આપશે? સત્તાના ખોટા નિર્ણયોને પડકારવા એ જ પત્રકારનો ધર્મ હોય છે બાકી સારા કામનો તો સરકાર ખુદ વરઘોડો કાઢશે.

નો વન ઈઝ બોર્ન ક્રિમીનલ. બચપનમાં ઘટેલી ઘટનાનો ઘેરો પ્રત્યાઘાત આજીવન રહેતો હોય છે. ફિલ્મમાં ચારેય આરોપીના વ્યક્તિગત જીવનનો ચિતાર અને ભવિષ્યમાં પડેલી એની ગંભીર અસરો વર્ણવી છે. હાથીરામની બાળપણમાં થયેલી પીટાઈની અસર આજીવન પીછો નથી છોડતી. અડધી ઉમર બાપની આંખમાં નિષ્ફળતાની નિરાશા જોયા પછી બેટાની આખમાં ય એ જ કહાની જોવાની કોઈ બાપને ઈચ્છા ન જ હોય. હંમેશા ખડુસ લાગતો બાપ જ્યારે હિરો બનીને બચાવે ત્યાર પછી કોઈ દિવસ નહિ માનતો પુત્ર ય વગર કહ્યે આજ્ઞાંકિત બની જાય. વાસ્તવમાં સંસ્કાર પર પ્રવચનો કરતા આચારોની વધુ ગહેરી અસર પડે છે.

ભારતમાં માઈનોરીટી માત્ર એક જ કોમને ગણવામાં આવે છે. અન્યાયની વાત આવે કે ભારત-પાકિસ્તાનની વાત આવે ત્યારે પાકિસ્તાનની સામે લડવા કરતા અથવા પાકિસ્તાન રહેવા જવાની જગ્યાએ આસપાડોસને લક્ષ્ય બનાવવામાં આવે છે. એનો ટાર્ગેટ બહુ સોફ્ટ હોય છે, કારણ કે કામના સ્થળે બહુમતીની વચ્ચે એકલદોકલ લઘુમતીને તાના મારવા કે સતાવવા સહેલા હોય છે. ઉદાહરણો ગોધરાકાંડ અને બાબરી મસ્જીદના દેવાય એ સરાસર ખોટા છે, કારણ કે ઉદાહરણ

હંમેશા રામના હોય કે કૃષ્ણના હોય, પણ રાવણ કે કંસના દાખલા ન દેવાય. આટલા વર્ષો પછીય અનુકૂલન સાધવા આપણે કેટલા અસફળ રહ્યાં છીએ!

અછૂત કે અસ્પૃશ્યતાથી ભારતને આઝાદ થવામાં હજી વાર છે. આજેય છાપામાં ઘટતી ઘટનાઓના ચિતાર ચોંકાવનારા નીકળે છે. પ્રાણીઓના નામ પર માનવનો ભોગ લેવાય છે, ત્યારે સવાલ એ થાય કે વાસ્તવમાં પશુ કોણ? દલિતોના મત મેળવવા ભલે સાથે જમવું પડે પણ પછી ગંગાજળથી નહાવાનુ બેવડું વલણ અપનાવતા દંભી નેતાઓને ઉઘાડા પાડતા પત્રકારને પીટવામાં આવે છે. એક ઈશ્વરની સંકલ્પના સ્વીકારી પણ માનવની સ્વતંત્રતા અને સમાનતાના સિદ્ધાંતોની મૂળભૂત વિભાવનાને દિલથી નથી સ્વીકારી શકાઈ. "ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્" એ ઈશોપનિષદનો ભલે શરૂઆતનો મંત્ર હોય પણ દરેક માનવમાં ઈશ્વરના દર્શન થાય છે ખરા?

રાજનીતિમાંથી નીતિનો સદંતર લોપ. સ્વાર્થ હોય ત્યાં સુધી સગા અને પછી દુધમાંથી માખીની જેમ દૂર ફેકી દેવામાં આવે. સિસ્ટમ સત્તના ઈશારા પર ચાલે. સિસ્ટમનો હરઈક પાર્ટ પોતાનું કામ જાણતો હોય. અને જે નથી જાણતો એને રીપ્લેસ કરી દેવામાં આવે. દૂર કરાયેલા પાર્ટને ભંગારના ભંડારીયામાં વર્ષો સુધી સડવા છોડી મુકવામાં આવે.

વાસ્તવમાં પાતાલલોક ફેન્ટસી સિરીઝને બદલે નરી વાસ્તવિકતાથી ભરેલી છે અને એટલે જ ક્યાંક નથી ગમતી. આર્ટ ઈઝ અ કાઈન્ડ ઓફ એસ્કેપીઝમ. જીવનની કડવી સચ્ચાઈ ભુલીને જુદા વિશ્વમાં સફર કરવાનો આનંદ મજેદાર

હોય છે. પણ સચ્ચાઈ દેખાડવામાં આવે છે એ કરતા વધું ખરાબ છે.

દિલથી કરેલા પ્રયાસો પરિણામ સુધી પહોંચાડે જ છે. સવાલ નિષ્ઠાનો છે. રસ્તામાં આવતી અડચણોની પરવા કર્યા વગર બસ મંજિલ તરફ આગળ વધવાનું ચાલુ રાખવાનું છે. બની શકે કે વાસ્તવિકતા વિકરાળ હોય, પહોચ્યા પછી ખબર પડે કે જ્યાં પહોંચવા આટલી જહેમત ઉઠાવી છે એ હિરાની જગ્યાએ કોલસાની ખાણ નીકળી. તો કઈ વાંધો નહિ. કઈક તો શીખવા મળ્યું! ફરી કોઈ નવા લક્ષ્ય સાથે આગેકુચ ચાલુ રાખવાની, પણ ટટ્ટાર માથા સાથે. ઝુકેલું માથુ તો ગુલામીનું પ્રતિક છે. એટલે, ગુલાબી સ્વપ્ન સાથે ઉન્નત મસ્તકે આગે કદમ.... આગે કદમ......

(શીર્ષક: પ્રિયકાન્ત મણીયાર)

બર્નીંગ થોટ્સ:

જલતે ઘર કો દેખને વાલો, ફૂસ કા છપ્પર આપકા હૈ,
આગ કે પીછે તેજ હવા હૈ, આગે મુકદ્દર આપકા હૈ,
ઉસકે કત્લ પર મૈં ભી ચૂપ થા, મેરા નમ્બર અબ આયા,
મેરે કત્લ પે આપ ભી ચુપ હૈ અગલા નમ્બર આપકા હૈ.
(નવાઝ દેવબંદી)

- ગોપાલ યાદવ, ૯૪૨૯૬૩૮૫૬૯
- ગાંધીનગર

કૃષ્ણ – કુબ્જાની પ્રણય ગાથા

- ભાવના પટેલ

ધર્મજ્ઞ ઉદ્દ્ધવનું મન આજે ખૂબ બેચેન હતું. સ્મૃતિપટની વિચારશૃંખલામાં જાણે કેટલીયે યુક્તિઓ આવ-જા કરી રહી હતી. પણ કોઈ ઉત્તમ યુક્તિ સૂઝે અને એમાંપણ કોઈક અંગદની સહમતિ મળે એમ વિચારીને તીવ્રતાથી રથને પોતાનાં ભવને લઈ જવાને બદલે સાત્યકિનાં ભવને લહેરાવ્યો. ઉદ્દ્વવ અને સાત્યકિ બંને મહાપુરુષો શ્રી કૃષ્ણનાં પિતા વસુદેવનાં નાના ભાઈનાં સંતાનો હતા. લગભગ સમાન ઉમરનાં ભાઈઓ વચ્ચે મિત્રતા વધુ હતી.

સાત્યકિએ અતિથિગૃહમાં ઉદ્દ્ધવનું સ્વાગત કર્યું.'બંધુ ઉદ્દ્વવ, તમારાં મુખ પર ચિંતાનાં વાદળો છવાયેલાં હું સ્પષ્ટ જોઈ શકું છું. આમ અચાનક....સાત્યકિને વચ્ચે બોલતાં અટકાવીને, 'મારે તમારી એક સલાહ જોઈએ છે. બહુ ખાનગી ચર્ચા કરવી છે.' થોડીવાર મૌન ધારણ કરીને ઉદ્દ્વવએ મનમાં ઉભરાયેલાં અને ગડમથલ ચાલી રહેલો દ્દ્વેષ ઠાલવ્યો. પેલી ખૂંધી સ્ત્રી. કંસની માનીતી અને વિશ્વાસુ દાસી અંજનાની પુત્રી. કંસનો વધ કૃષ્ણએ કર્યાં બાદ હવે જાણે કૃષ્ણ પર મોહી પડી છે.

ઓહ! ત્રિવિક્રા. તું એ કુબ્જાની વાત કરે છે. સાત્યકિને આનંદ થયો।

શું એનાં બે નામ છે?

હા બંધુ. ત્રિવિક્રા એટલે ત્રણ અંગે વાંકી. એ ખૂંધી હતી ત્યાં સુધી તેને બધાં ત્રિવિક્રા જ કહેતાં. બાકી એનું નામ કુબ્જા છે. કુબ્જાને સુંદરસ્ત્રી બનાવનાર કૃષ્ણ જ છે. મારી નજરોએ જોયેલું એ અદ્દ્ભૂત દ્દ્રશ્ય ખૂબ મનમોહક હતું.

એમ! એવું તો શું જોયું? ઉદ્દ્વવને જાણવાની ઉત્સુકતા વધી. કંસરાયે જ્યારે ધનુર્યજ્ઞ યોજ્યો હતો. એનાં આગલાં દિવસે કૃષ્ણ, બલરામ, ગોપમિત્રો સાથે હું નગર જોવાં તથા યજ્ઞસ્થાનનાં દર્શન કરવાં વિહાર કરતાં જતાં હતાં. ત્યાં તો કૌતુક નજરે પડ્યું. એક

ઠીંગડા કદની નવયૌવના રાજકુમારી સરખાં આભૂષણોથી સજેલી સીધી અમારી તરફ આવતી દેખાઈ. ચાલ એની ઠસ્સાભરી અને હાથમાં નાનકડી રત્નજડિત પેટી. ત્યાં કોક-કોકની ગુસપુસ સંભળાઈ. અરે, આ તો પેલી કુબ્જા છે. કંસરાયની દાસી. કુબ્જા સીધી કૃષ્ણની સમીપ આવીને ઊભી રહી.

બે હાથ જોડી બોલી,'પ્રભુ, હું ત્રિવિક્રા. આપનું અભિવાદન કરું છું. તેનાં સુંદર મુખને નિહાળી હસતાં હસતાં પ્રભુ બોલ્યાં,'હે સુંદરી ! હે સુંદર સાથળો વાળી તું કોણ છે? અને આ વિલેપન તું કોને માટે લઈ જાય છે? આ ઉત્તમ વિલેપન તું અમને આપ. જેથી તારું તરત કલ્યાણ થશે.

ત્રિવિક્રા પોતાનાં ઉપર મંડાયેલાં કૃષ્ણનાં 'પંકજ દલ' (કમળ પાંખડી) સમાન ચક્ષુ જોઈને લજ્જાથી ભાવાવેશ થતી હતી. આંખો ઉપરનાં પોપચાં ઢાળી ધીમા સ્વરમાં બોલી, 'હે શ્યામસુંદર આપના બાળસ્વરૂપનાં મેં દર્શન કર્યાં છે. ત્યારથી હું આપના મોરપંખ રૂપથી મોહી પડી છું. મારાં શમણાંમાં આપ રોજ આવો છો.' આટલું બોલતાં હર્ષાવેશથી આંખોમાંથી સરસર પ્રેમાશ્રુ સરી પડ્યાં.

મને સ્મરણ છે સુંદરી. કૃષ્ણએ સરળતા અને પ્રેમદ્રષ્ટિથી પ્રેમ સ્વીકારી લીધો.

હે શ્યામ, હું પોતે ભોજપતિ કંસરાયની દાસી છું. મારું બનાવેલું વિલેપન તેમને બહું પસંદ છે. પરંતુ આ ઉત્તમ વિલેપન માટે તમારાં જેવાં બન્ને સુંદર પુરુષો સિવાય બીજું વધુ યોગ્ય કોણ હોઈ શકે? એમ પ્રભુ પાસે વિલેપન લગાવવા માટે આજ્ઞા માંગી.



તારાં આ વિલેપન જ નહિ માત્ર, મને તો તારી વાણી તેમજ અંગો સમેત આખીય તું મઘમઘ કરતી અનુભવાય છે. હે સુહાસિનિ પહેલું અર્ચન મારાં પ્રિય મોટાભાઈ બલરામને કર.

ત્રિવિક્રાએ હાથમાં લેપન લઈ બલરામની છાતી અને બાહુઓ પર વિલેપન અર્ચન કર્યું. ત્યારબાદ કૃષ્ણને ચંદનાદિ સુગંધી દ્રવ્યોનાં વિલેપનથી નાભિથી ઉતરતા ભાગમાં લગાવ્યું. હે શુભા, મારાં અંગ પર તારાં સ્પર્શથી વિલેપન મને આહલાદ્ક અનુભવ કરાવી રહ્યો છે. તારાં હ્રદયનો પ્રણયરસ અર્ચી રહી હોય એમ મને તું મોહવશ લાગે છે. ત્રિવિક્રા ભાવુક બની કૃષ્ણનાં પગે વિલેપન કરવાં લાગી.

ત્યાં પ્રભુએ પોતાનાં સત્કાર કરવાં બદલ ત્રિવિક્રા જે ત્રણ અંગે વાંકી એવી કુબ્જાને પોતાની આંગળીથી તેનાં મુખથી ચિબુક પકડીને એનાં શરીરને ઉપર તરફ ખેંચ્યું એટલે તે સુંદર મુખવાળી સ્ત્રી તરત જ સપ્રમાણ અને સુડોળ અંગોવાળી સુંદરી બની ગઈ.

ભગવાનની કૃપાનો તત્ક્ષણ બદલો મળી જતાં રૂપ, ગુણ અને ઉદારતા વાળીને સ્ત્રી કામાતુર બનીને શ્રીકુષ્ણનાં વસ્ત્રને પકડી વારંવાર પોતાનાં ઘરે પધારવા આગ્રહ કરવાં લાગી. હે વીર, આપે મારાં મનને જીતી લીધું છે. એથી આપ મારાં ઉપર પ્રસન્ન થઈને મારાં ઘરે પધારવા કૃપા કરો. હું આપને છોડવા ઈચ્છતી નથી.

એથી ભગવાન શ્રીકૃષ્ણએ બધાં સાથી ગોવાળિયાઓ તથા બલરામની સામે જોઈ હસતાં હસતાં તે સુંદરીને પોતાનાં બીજાં અગત્યનાં કામો પતાવ્યા પછી આવશે તેમ કહી તેને વળાવીને આગળ વધ્યાં. ત્રિવિક્રાની આંખો માંથી સરસર આંસુઓ વહેવા લાગ્યાં. એ જોઈ બલરામ પણ બોલી પડ્યાં, ‘હે સુભગા, તું આ અવની ઉપર સદાને માટે અમર બની ગઈ છે. આ અદ્‌ભૂત દર્શનનો લાભ મને મળ્યો એ બદલ હું પ્રભુની કૃતજ્ઞતાનો આભારી છું. રાજમાર્ગ પર થયેલો આ અસામાન્ય ચમત્કાર વાયુવેગે આખા નગરમાં ફેલાઈ ગયો છે. અને તને હજી શંકા છે?

હા, મને શંકા છે. આખરે તો તે કંસની દાસી હતી. તે યાદવ કે કોઈ રાજકુમારી પણ નથી. ભગવાને થોડી કૃપાદ્રષ્ટિ શું કરી! એ તો જાણે કૃષ્ણની પ્રિયતમા બની બેઠી. શું ખબર મોહપાશ અને પ્રલોભન લેપન થતાં આકર્ષક વાણીથી કૃષ્ણને મોહિત કરી અહિત ઈચ્છતી હોય? સમાજમાં એક દાસી સાથેનાં સંબધ વિશેનું આવું ઉદાહરણ મને યોગ્ય લાગતું નથી. ઉદ્ગવની મનોવ્યથા હજી યથાવત હતી.

પ્રભુને મોહપાશ કરી અહિત ઈચ્છવું? સાત્યકિને હસવું આવ્યું. હજી એક રહસ્ય જણાવું છું સાંભળ. યાદ છે આકાશવાણીમાં દેવકી-વસુદેવનું આઠમું સંતાન કંસનો વધ કરશે.

હા, એતો આખું જગત જાણે છે. એ વાતમાં ક્યાં હવે રહસ્ય રહ્યું.

એ અંધારી રાતમાં બનેલ એક-એક ક્ષણની ઘટના અને તેમાં છુપાયેલું રહસ્ય વિશેની માહિતીથી બધાં અજાણ છે.

એમ, એવું તો શું થયું હતું? ઉદ્ગવને જાણવાની ઉત્સુકતા જાગી.

કંસની માનીતી દાસી અંજના શરૂ શરૂમાં દેવકી ઉપર ચાર-ચાર આંખો રાખી નજર રાખતી. પણ જેમ-જેમ કંસે દેવકીનાં નવજાત શિશુનાં જન્મતાંની સાથે પથ્થર ઉપર પછાડી પછાડીને ક્રૂર હત્યા કરવાં માંડી. તે જોઈ અંજનાનો જીવ કંપી ઉઠ્યો. પોતે પણ સગર્ભા થઈ હતી. ત્યાં પતિનું આકસ્મિક અવસાન થયું. પહેલાં ખોળે દીકરી જન્મી. એ પણ પીઠ પર ખૂંધ લઈને. આમ જાણે ભગવાન કોપાયમાન થયાં હોય એમ દુખી રહેતી અંજનાએ દેવકીનાં છેલ્લા બેઉ બાળકને બચાવવાનો મનસૂબો કરી લીધો. અંજના પુત્રીને સાથે જ રાખતી. આમ ચારેક વર્ષની પુત્રી દેવકીની પણ વહાલી થઈ ગઈ હતી. છેલ્લો પ્રસવનો દિવસ આવ્યો. આભલું ડામાડોળ હતું. અડધી રાત થવાં આવીને ધરતી ઉપર મેઘનો તાંડવ રચાયો. પવનનાં સુસવાટાથી બારી-બારણાં ભીડવા છતાંય અંદર રાખેલાં દિવડા હોલવાઈ જતાં હતાં. માંડ એક દીવો દેવકીનાં પલંગ પાસે ટમટમતો હતો.

ઓરડામાં અંજના સાથે તેની પુત્રી ત્રિવિક્રા સૂતી હતી. અચાનક દીકરી જાગી ગઈ અને આંખો ચોળતી ઊભી થઈ. સ્વપ્નામાં ચાલતી હોય એમ સીધી વસુદેવ-દેવકી પાસે આવીને ઊભી રહી. વસુદેવનાં હાથમાં એક છાબડી હતી. ત્રિવિક્રાએ છાબડી પકડીને પોતાની તરફ નમાવી જોયું તો ફૂલોથી ભરેલી છાબમાં નિલવર્ણ મોટાં કમળ જેવું બાળક હાલતું હતું. ચહેરા પર હાસ્ય અને આંખોમાં ચંદ્ર જેવું તેજ જોઈ ત્રિવિક્રા આભી બનીને જોઈ રહી.

ત્રિવિક્રાને આમ છાબડી પકડીને નિહાળતા જોઈ વસુદેવ ગભરાયાં. એમણે તરત ત્રિવિક્રાને થોડી પટાવી, થોડી ધમકાવીને સુવડાવી દીધી. પરંતુ ત્યારથી ત્રિવિક્રાનાં માનસપટ પરથી એ મનમોહિત દ્રશ્ય ન હટયું. જેમ-જેમ મોટી થવાં લાગી એમ કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ ગાઢ થવાં લાગ્યો. કૃષ્ણની લીલા અપરંપાર છે બંધુ.

કૃષ્ણ એટલે હ્રદયમાં રહેલો અને જીવોને આનંદ આપનારો. આનંદ એટલે રસ. અને એજ ભગવાન રસસ્વરૂપ છે. કામસુખ એ ભગવાનનું સ્વરૂપ જ હોવાથી ભગવત્સરૂપ વિના બીજાં કોઈથી તેઓ ભોગ થઈ શકે એમ નથી.

સંભાળ પ્રભુનાં શબ્દો,"હું જ સર્વનો આત્મા છું, વશ છું, સત્ય બોલનારો છું અને સ્ત્રી જાતિ ઉપર કૃપા કરવાંનો મારો સ્વભાવ છે. તેથી સ્ત્રી વિયોગ સર્વરીતે કોઈપણ દિવસે મને થતો નથી." પ્રિય બંધુ આ જ શ્રીકૃષ્ણ છે. ક્રુષ્ણઅવતાર આપણાંથી સમજાય એવો છે જ નહિ.

માટે ચરૈવતિ ચરૈવતિ....અર્થાત, ચાલતાં રહો, જેમ ચાલે છે એમ થવાં દો. ઉદ્દવવ પાસે હવે દલીલ કરવાં ન હતાં પૂરતા શબ્દો કે ન હતી ધીરજ. હું રજા લઈશ. ઉદ્દવવની આજ્ઞા સાત્યકિએ સહજ સ્વીકારી લીધી.

આ બાજું કુબ્જાપ્રભુ માટે સુંદર વિલેપનો બનાવવાં સુગંધી દ્રવ્યો, તાજાં પુષ્પો, ચંદન, અત્તર વગેરે ઉત્તમ સામગ્રી ભેગી કરી જાણે પોતાનો પ્રેમ ઢાળી રહી હોય એમ મગ્ન બની. પોતાનાં ભવનને

કલાત્મક તોરણો, રંગબેરંગી સાથિયા,રંગોળી અને માદક સુગંધિત દ્રવ્યો યુક્ત અત્તરથી સજાવી દીધું.

પોતે પણ કોઈ અપ્સરા હોય એમ ખૂબ શૃંગાર કર્યો. નાભિ નીચે માત્ર એક પટકૂળ પહેરી યૌવનને શણગારી મોહક એવી માદક પીણાંઓનાં સેવનથી જાણે કામપ્રેરક આવેગોમાં અંગેઅંગ ઊભરાયાં હોય એવી લોભામણી લાગતી હતી. નિતંબો ગોરા અને કામુકતાથી ભરેલાં પૂર્ણમાંનાં ચંદ્ર જેવું મુખ જેવી સાચે જ કોઈ અપ્સરા.

ઉદ્દવને આઠ અશ્વવાળા રથની લગામ ખેંચ્યે છૂટકો જ ન હતો. કૃષ્ણ પણ મયૂરમુગુટમાં સજ્જ એવાં મનમોહક અને હરઉલ્લાસમાં ડગ માંડતા એવાં એક ઠેકડામાં રથ પર જઈ બેઠાં. રથ રાજમાર્ગથી સીધાં કુબ્જાનાં ભવન પર પહોંચ્યો. નૃત્ય-ગીત-સંગીતથી સ્વાગત થયું. ઠેરઠેર પુષ્પો અને અત્તરની વર્ષાથી અભિવાદન થયું. કુબ્જાએ પ્રભુની આરતી ઉતારીને સ્વાગત કર્યું.

હે શ્યામસુંદર, હું આપની સેવાં કરવાં ઈચ્છું છું. લજામણી થઈ કુબ્જાએ પ્રભુનાં ચરણનો સ્પર્શ કર્યો. હે રમણા, હે સુહાસિનિ, એમ કહી કૃષ્ણએ કુબ્જાનો નાજુક સોહામણો હાથ પકડ્યો. કુબ્જા શરમાઈ ગઈ અને પ્રભુને ખેંચીને પોતાનાં શયનખંડમાં લઈ ગઈ.

સુંદર સજાવેલ શય્યા પર કૃષ્ણએ પ્રિયતમાની તૃષ્ણાને તૃપ્ત કરી. આલિંગનમાં સમાયેલી કુબ્જા આજે સ્વર્ગમાં મહાલતી હોય એમ ધીમે ધીમે કૃષ્ણનાં સ્પર્શથી તૃપ્ત થવાં લાગી. અંગઅંગમાં રોમાંચનો સ્પર્શ અને કામક્રીડામાં બેઉ લીન બન્યાં. કામાવેશમાં તૃપ્ત થયેલાં સ્તનો, છાતી તથા નેત્રની પીડાને ભગવાનનાં પાવન ચરણનાં સ્પર્શને દૂર કરવાં લાગી. પોતાનાં સ્તનની મધ્યમાં રહેલાં તે આનંદમુર્તિ પ્રિયતમને બન્ને હાથે ભેટીને કુબ્જાએ ઘણાં લાંબા સમયની પીડાને દૂર કરી. સુંદરી માંથી સંપૂર્ણ સ્ત્રી બનેલી કુબ્જાએ પ્રભુને વધુ સમય સુધી રોકાય એવી આજીજી કરી.

હે સુહાસિનિ, ઉપભોગ કરવાથી કામનાઓ કદી તૃપ્ત જ નથી થતી. પરંતુ વકરે છે. પ્રભુનાં શબ્દોને ઝીલતી લજ્જાથી સ્મિત સાથે

આંસુઓની ધાર વહાવતી પ્રભુનાં ચરણમાં પડીને બોલી, 'હે શ્યામ, મારું સર્વસ્વ આપ છો. હું તન-મન-ધનથી માત્ર આપ પુરુષને જ વરી ચૂકી છું. આપ મારો સ્વીકાર કરો. કૃષ્ણએ આલિંગન આપતાં અભિષ્ટ વરદાન સાથે આશ્વાસન આપ્યું, 'હે પ્રિયે, આ અવનીમાં કૃષ્ણ-કુબ્જાની પ્રણય ગાથા તરીકે તું અમર રહીશ. તું જેમ ઈચ્છે એમ જ થશે.' એમ કહી જવાની રજા લીધી.

હાથમાંથી હાથનો સ્પર્શ અલગ થતાં જાણે સ્પર્શ મટી કૃષ્ણ ખુદ કુબ્જાનાં હ્રદયમાં સ્થાપિત થઈ ચૂક્યા હતાં. ક્રુષ્ણનાં પગલાં અદ્રશ્ય થાય ત્યાં સુધી આંખો મટકાવ્યાં વિના કુબ્જા પ્રભુને જોઈ રહી.......

(સંદર્ભ : "શ્રી પન્નાલાલ પટેલની 'વણપ્રીછી કથા')

-ભાવના પટેલ, ૯૭૨૨૯૭૩૩૦૭

વડોદરા

કોરોના વાયરસ અને ઈમ્યુન સિસ્ટમ-૨


-ભૂમિકા પ્રજાપતિ

દેશ 'લોકડાઉન' માંથી 'અનલોક' થઈ રહ્યો છે. કોરોના વૈશ્વિક મહામારીથી ઠપ થયેલું જાહેરજીવન ક્રમશ: પાટા પર આવી રહ્યું છે. માનવી કોરોનાથી ડરીને નહીં પણ એના સામે લડી લઈને જીવવા સજ્જ થયો હોય એવું પ્રતીત થાય છે. ડાર્વિનનો ઉત્તક્રાંતિવાદ પણ કંઈક આવું જ શીખવે છે ને..!! પ્રકૃતિના ફેરફારો સામે, બદલાતી જતી પરિસ્થિતીઓમાં ઝઝૂમીને જે જીવ અનુકૂલન સાધી શકે તે જીવ જ અસ્તિત્વ ટકાવી શકે છે. ભૂતકાળમાં વૈશ્વિક મહામારી સામે અનુકૂલન સાધવા માટે દવાઓ-રસીકરણ વગેરે માનવજાતને મદદરૂપ થયા છે. પરંતુ કોરોના વાયરસને માત આપી શકે તેવી દવાઓ-રસીકરણની શોધ થતા હજુ લાંબો સમય લાગશે જ તેમાં કોઇ શંકાને સ્થાન નથી. આવા કપરા સમયમાં માનવ શરીરની આંતરીક શક્તિઓ એટલે કે રોગપ્રતિકારક તંત્ર મજબૂત હોય તો તે વાયરસ સામે અનુકૂલન સાધી શકે છે અને વાયરસ સામે રક્ષણ પણ પ્રદાન કરે છે. ગત અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખમાં રોગપ્રતિકારક તંત્ર,તેના પ્રકાર તથા વાયરસ અને બેક્ટેરીયા વચ્ચેનો ભેદ સમજ્યા. હવે કોરોના વાયરસના હુમલા સામે રોગપ્રતિકારક તંત્રની કેવી પ્રતિક્રિયા કરે છે તે સરળ શબ્દોમાં સમજીએ.

કોરોના નો કહેર કઈ રીતે કરે છે શરીરને અસર. ...

કોરોના વાયરસ અને તેના પાર્ટીકલ (કણ) નાક, આંખો અને મોં વાટે માનવશરીરમાં પ્રવેશે છે. શ્વાસ સાથે આ વાયરસ નીચલા શ્વસનમાર્ગમાં પહોંચે છે. શ્વસનમાર્ગમાં શ્વાસનળી અને ફેફસાં વગેરેનું પ્રથમ સ્તર જે કોષનું બનેલું છે તેને


એપીથેલિયલ કોષ કહે છે. કોરોના વાયરસના બાહ્ય આવરણમાં કાંટાની જેમ બહાર નીકળેલા ભાગ 'ચાવી' જેવું કામ કરી



એપીથેલિયલ કોષનું 'લોક' ખોલી કોષમાં પ્રવેશ કરે છે.

આ ભાગમાં વાયરસ લાંબા સમય સુધી વસાહત બનાવે છે. કોષમાં પ્રવેશીને કોરોના વાયરસ કોષના વ્યવસ્થાપન પર કબજો જમાવી લે છે. આ રીતે એપીથેલિયલ કોષની કાર્યપ્રણાલીનું બળજબરીથી હરણ કરી વાયરસ પ્રજનન થકી એકમાંથી અનેક બને છે અને સંલગ્ન કોષોમાં ઝડપથી ચેપનો ફેલાવો કરે છે. માનવકોષમાં થયેલા આવા ઓચિંતા ફેરફારને રોગપ્રતિકારક તંત્ર ઓળખી કાઢે છે અને તેની વિરુધ્ધ સક્રિય બની જાય છે. રોગપ્રતિકારક તંત્રના બી-કોષ (B-cell) શરીરમાં દાખલ થયેલ 'એન્ટીજન' (અહીં કોરોના વાયરસ)નો

પ્રતિકાર કરવા માટે 'એન્ટીબોડી' બનાવે છે. આ એન્ટીબોડી કોરોનાગ્રસ્ત કોષની ફરતે વીંટાળાઈ જાય છે અને એન્ટીજન-એન્ટીબોડીનું ગુચ્છ બની જાય છે જે સિગ્નલ મોકલી રોગપ્રતિકારક તંત્રના બીજા કોષ (માસ્ટ સેલ, મેક્રોફેઝ, ઈઓસિનોફિલ, બેસોફિલ, ફેગોસાઈટ, ડેનડ્રીક સેલ)ને મદદ માટે બોલાવે છે. આ બધા કોષ ભેગા મળીને કોરોનાગ્રસ્ત



કોષનો ખાતમો બોલાવે છે. આ પ્રક્રિયાના સમાંતર, રોગપ્રતિકારક તંત્રના ટી-કોષ (T-cell) ખાસ પ્રકારના રસાયણો- સાઈટોકાઈન્સ અને કિમોકાઈન્સ- મુક્ત કરે છે. આ રસાયણ વાયરસનું પ્રજનન આગળ વધતું અટકાવે છે. સાથે

સાથે આ રસાયણો વાયરસ અને વાયરસના કણોનો નાશ કરવાની ખાસિયત ધરાવે છે.

કોરોનાથી પડતો શરીરને માર

ઉપર જણાવ્યું તે કારણે ફેફસાંમાં સોજો આવે છે. શરદી જેવા લક્ષણો- છીંકો આવવી, વહેતું નાક, બંધ નાક, માથાનો દુ:ખાવો વગેરે-નો અનુભવ થાય છે. વહેતું નાક અને છીંકો વાયરસના મૃત ભાગોનો શરીરમાંથી નિકાલ કરે છે. માથાની પાછળ, ગરદનથી ઉપર મગજમાં એક ગ્રંથી- હાઈપોથેલેમસ પર અસર થવાથી તાવ આવે છે. જેમ જેમ વાયરસની તીવ્રતામાં વધારો થાય છે તેમ તેમ ફેફસાંમાં પ્રવાહીનો જમાવડો થાય છે. જેના કારણે ફેફસાંનુ મુખ્ય કાર્ય- ઓક્સિજન લેવાનું અને કાર્બન ડાયોક્સાઈડ મુક્ત કરવાનું- જોખમાય છે. દર્દીને શ્વાસ લેવામાં ભયંકર તકલીફ ઉભી થાય છે અને જીવ જોખમાય છે. રોગપ્રતિકારક તંત્ર આ લડાઈમાં વિજયી બને તો માનવી સુરક્ષિત રહે છે. કોરોનાથી દિનપ્રતિદિન વધી રહેલા અસરગ્રસ્ત દર્દીઓના આંકડા જોતા ખ્યાલ આવે છે કે આ બિમારીમાંથી મુક્તિ નજીકના ભવિષ્યમાં મળવાની નથી. રોગપ્રતિકારક તંત્ર તંદુરસ્ત રહે તે માટે દરેક વ્યક્તિએ પોતાના રોજબરોજના જીવનમાં એક ડોકિયું કરી મક્કમ મન સાથે સુધારો કરવો સમયની માંગ છે.

- ભૂમિકા પ્રજાપતિ ,૯૭૧૨૯૯૮૮૫૪

- ગાંધીનગર

ફાઈલેરીયા

-નિરજ ગામીત

હા,ફાઈલેરીયા. વાતે વાતે તલવાર કાઢતા (દેખાવના) ના બહાદૂરોની જેમ વહીવટમાં બાબતે બાબતે ફાઈલો બનતી હોય છે. બસ આ વલણ એ **"ફાઈલેરીયા".** સરકારની નર્સરીમાં ઉછરેલ દરેક છોડમાં આ રોગ હોય જ છે. શોલેમાં ગબ્બર કહે છે તે સંવાદને સલીમ- જાવેદની માફી સાથે એમ કહી શકાય કે **"...જબ તક તેરી નોકરી ચલેગી ...તબ તક તેરી ફાઈલ ચલેગી".** આ લોકડાઉનમાં એક



રેડીયો શો પર આ ફાઈલ અંગેનો એક કિસ્સો સાંભળેલો કે એક વાર સરકારમાં સહી કરવાના નિયમો અંગે ફાઈલ ચાલી. રિપોર્ટ પર રિપોર્ટ થયા.વર્ષો વીત્યા. ત્રણેક વર્ષે આખરી નિર્ણય થયો જેમાં બધુ નક્કી કરવામાં આવ્યું. કયા વર્ગના અધિકારીએ કઈ પેનથી સહી કરવી,તેમાં ક્યા રંગની શાહી હોવી જોઈએ, કેટલા એમ.એમ.ના પોઈન્ટની પેન વાપરી શકાય, તેમજ અમુક જ બ્રાંડ નો ઉપયોગ કરવો વગેરે આ ફાઈલના સમુદ્રમંથનથી નીકળેલા અમૃતરૂપી નિર્ણયો હતા. ફાઈલરૂપી વાનગી કોઈ એક રસોયો તૈયાર નથી કરતો. આ ફાઈલની રેસીપી અને

રીતરસમ નોખી છે. રસોઇની ભાષામાં જોઇએ તો નીચેની વ્યક્તિ કઢાઇ મૂકે. વઘાર કરવાવાળી અલગ કેડર હોય અને બાદમાં ચમચાથી વાનગી ચાખવાવાળા અલગ લોકો હોય છે અને જશ મોટેભાગે ચમચાવાળાને જ મળે છે.કઢાઈ કે વઘાર વાળાને કોઇ પૂછતું નથી.

હવે આવા તંત્રમાંથી શ્રીમાન અધિકારી નિવૃત થયા. નિવૃત થયા પણ કચેરીમાંથી આ "ફાઈલેરીયા"નો રોગ લઈ ઘરે ગયા. આ દરમિયાન વહુએ એક સાડી લાવી આપવા તેમને જણાવ્યું. આ સીધી માંગણીથી તેઓ તાડૂક્યા. મનમાં વહુને "મેમો" આપવાની લાગણી થઇ પણ પછી તેમને ભાન થયુ કે આ ઘર છે, કચેરી નહી.તેથી તેમણે આ માંગણી પર "કવેરી" કાઢી. વહુએ માંગણી યોગ્ય ચેનલ થ્રુ મોકલવી. ચેનલ થ્રુ એટલે પહેલા દિકરાને(પતિને) - સાસુને અને અંતે આ માંગણી પોતાને રજુ કરવી. આ ઉપરાંત સાડીના કેટલા નંગ- પ્રકાર -ખર્ચ મર્યાદા -તેમજ આ મહિનાના બજેટમાં આવા ખર્ચની જોગવાઇ છે કે કેમ? વગેરે તપાસીને આ માંગણી પુન: રજુ કરવી તેવો આદેશ શ્રીમાન અધિકારીએ કર્યો.ઘરમાં ઘુસેલી આ બાબુશાહીએ કોરોના કરતા પણ વધુ ડર પેદા કરી દીધો. આ રોગ વધુ વકરે તેવી ભીતીથી ઘરવાળા આ ફાઈલેરીયાનું મારણ શોધવા લાગી પડ્યા.

આ સાથે જ હવે ઘરમાં વિવિધ ફાઈલો ખુલવા લાગી. પત્ની, મોટો દિકરો, વહુ, ભત્રીજો, દિકરી તમામની જુદી જુદી ફાઈલો ખુલતી ગઈ.સમય જતા દળદાર પણ થતી ગઈ. નોકરી દરમિયાન વિવિધ જાહેર ક્ષેત્રોની કંપનીઓની ફાઈલો તેમણે આવી રીતે જ નિભાવેલી. ઘરના સભ્યો પણ જાહેર ક્ષેત્રની કંપની જેવા જ ખોટ કરતા એકમો સરીખા હતાને. અહી બધાની ફાઈલો તો ખુલી પણ શ્રીમાન અધિકારીને અહી ફાઈલ "દબાવી" રાખવાની જાહોજહાલી મળતી ન હતી. જેનું તેમને ફેકસાફાડ દુ:ખ રહેતું.બાકી આ ફાઈલ દબાવી રાખવાની કળાને સહારે તેમણે સરકારી વહીવટમાં ઉંચા શિખરો સર કર્યા હતા. આ ઉપરાંત ક્યારેક કોઇ ફાઈલ ન મળે

ત્યારે નીચેના સ્ટાફને ખખડાવવાનો વૈભવ પણ તેમણે જતો કરવો પડ્યો હતો.બાકી ધૂળ ખાધેલી જુની ફાઈલ ન મળે ત્યારે તેઓ આખી કચેરીની ધૂળ કાઢતા. તેમની નિવૃતિ બાદ પણ સોરઠી બહારવટીયાની વાતોની માફક શ્રીમાન અધિકારીની આ સ્ટાફને ખખડાવવાની વાતો આજે પણ તેમની કચેરીમાં સાંભળવા મળે છે.

ફાઈલેરીયાના અમુક લક્ષણો પૈકીનું એક લક્ષણ નાની નાની વાતોમાં મીટીંગો કરવી એ પણ છે. જેમાં શ્રીમાન અધિકારી પહેલાથી જ અવ્વલ હતા. એક વાર કચેરીમાં બહારના રાજ્યમાંથી અધિકારીઓ આવવાના હતા ત્યારે કચેરીના પ્રવેશ દ્વાર પર કઈ રીતે ફૂલોની માળા-તોરણો લગાવવા તેની પર ત્રણ કલાક મીટીંગ તેમણે ચલાવી હતી. જેમાં હારમાળામાં ગુલાબની કેટલી પાંખડીઓ લેવી, કયા રંગના ગલગોટા લેવા, કેટલી જાડાઈ અને લંબાઈનો હાર સારો રહેશે વગેરે એજન્ડા પર ગરમાગરમ ચર્ચા થઈ હતી તેમજ આ બાબત પર પ્રેઝન્ટેશનો ઝિંકાયા હતા. હવે ઘરમાં દિકરીથી પાણી ભરતા માટલું તૂટી ગયું. આ માટલી ચીરાણી અને અધિકારીજીને મીટીંગ કરવાનું બહાનું મળી ગયું. બધાને ડાઈનીંગ ટેબલ પર બેસાડવામાં આવ્યા. પાણીના ગ્લાસ મૂકાયા. દરેકની સામે ડીશ મૂકાઈ.તેમાં બે જાતના બિસ્કીટ મૂકાયા. પછી અધિકારીજીએ ગંભીર



હાવભાવ સાથે માટલા દુર્ઘટનાનું સૌને બ્રિફીંગ આપ્યુ ત્યારબાદ હવે કેવું માટલું ખરીદવું તેના વિશે "ખુલીને" અભિપ્રાય આપવા પ્રોત્સાહિત કર્યા.ઘરના લોકોએ સૂચનો આપ્યા અંતે અધિકારીજી એ આ તમામ સૂચનોનો ડૂચો કરી પોતે નક્કી કરેલું તે જ માટલાની ખરીદીનો નિર્ણય શ્રીમતીજીને લખાવ્યો.આ લોકશાહીનો ઘરના તમામ લોકોને જાણે મૂઢમાર વાગ્યો હોય એમ ઘરમાં સન્નાટો છવાઈ ગયો. આ ફાઈલેરીયાએ તો ભાઈસાબ ભારે કરી.

- નિરજ ગામીત, ૯૯૭૪૫૨૯૫૧૭

ગાંધીનગર

પ્રેમ પતંગ

- હિતેષ પાટડીયા

પવિત્ર પ્રસંગે પરિણય પ્રક્રિયાનો પ્રાથમિક પીળો પરવાનો પરસ્પર પંજામાં પહેરાવ્યા પછી પ્રફુલ્લીત પરેશે પાંપણ પાડતા પૂર્વેની પરિસ્થિતિઓનું પરિદ્દશ્ય પોપચાના પડદા પર પાડવું પ્રારંભાયું. :

પરિવારના પોષણ પરત્વે પૈસાની પુરાંત પામી પ્રારબ્ધ પ્રકાશવા પખવાડિયા પહેલાં પ્રકાશભાઈનો પરિવાર પાકા પાયે પાલનપુરમાં પધરામણી પામેલો.પ્રકાશભાઈના પાંપણથી પ્રભાવી પુત્ર પરેશે પતંગ પામવા પપ્પાને પૂછ્યું. પ્રકાશભાઈએ પુત્રને પાંચ પતંગના પૈસા પૂરા પાડ્યા.

પરેશ પાંચ પતંગ પંજામાં પકડીને પચ્ચીસેક પગથિયા પળમાં પંખી પેઠે પાછળ પાડીને પવનમાં પહોંચ્યો. પાળી પર પ્રથમ પતંગ પોઢાડીને પાંગરાના પ્રયોજનની પ્રક્રિયા પ્રારંભતી પળે પુષ્કળ પવન પલટાયો. પતંગ પાડોશીના પ્રાંગણમાં પહોંચ્યો. પાડોશીની પુત્રી પિન્કી પાસેથી પતંગ પરત પામતી પળે પરેશના પંડમાં પ્રેમાંકુર પ્રગટ્યું.

પ્રેમાંકુરે પરેશમાં પ્રેમ પરાક્રમના પ્રચંડ પ્રદર્શન પ્રારંભવા પ્રોત્સાહન પ્રગટાવ્યું. પરેશે પિન્કીના પ્રાંગણની પછીતે પહોંચીને પ્રત્યક્ષ પણે પરિસ્થિતિ પારખ્યા પછી પિન્કીના પ્રાંગણમાં પથ્થરમાં પરોવેલો પ્રેમપત્ર પહોંચાડ્યો. પિન્કીએ પરેશને પ્રાંગણમાં પ્રવેશવા પ્રેર્યો. પરેશ પળમાં પિન્કી પાસે પહોંચ્યો. પિન્કીએ પાંપણ પટપટાવીને પોતાનામાં પણ પ્રેમનો પમરાટ પ્રગટ્યાનો પ્રાથમિક

પુરાવો પ્રદર્શયો. પ્રત્યક્ષ પળે પરેશના પગરવનો પડઘો પામીને પિન્કીના પપ્પા પ્રાંગણમાં પહોંચ્યા. પ્રેમપત્ર પિન્કીના પપ્પાના પંજામાં પહોંચ્યો. પિન્કીના પપ્પાએ પરેશને પગથી પકડીને પૃથ્વી પર પટકીને પટ્ટાથી પોંખ્યો. પિન્કીની પ્રાર્થનાથી પપ્પાનો પરેશ પ્રત્યેનો પ્રકોપ પરાણે પાર પડ્યો. પરેશના પગે પંખીની પાંખ પેઠે પ્રતિભાનો પરચો પૂર્યો. પ્રેમપત્ર પસ્તીમાં પરિવર્તન પામ્યો. પ્રેક્ષકોને પ્રહસન પૂરું પડ્યું. પરેશ પાડોશીઓમાં પંકાયો. પરેશના પપ્પાએ પણ પુત્ર પ્રાયોજિત પરાક્રમ પામીને પરેશને પાદુકાથી પણ ઝાર્યો.

પિતાશ્રીઓનો પ્રસાદ પામીને પરેશ પથારીમાં પડ્યો પડ્યો પસ્તાયો. પરંતુ પિન્કીએ પોતે પોકાર પ્રારંભતા પરેશે પદવી પ્રાપ્તિની પાઠશાળાના પટાંગણની પાળી પાસે પહોંચીને પુનઃ પવિત્ર પ્રેમ પ્રસ્તાવનો પ્રત્યુત્તર

પૂછ્યો. પિન્કીએ પ્રસ્તાવ પરત્વે પુનઃ પ્રમદપૂર્વક પાંપણ પટપટાવી. પિન્કીનો પ્રત્યુત્તર પારખવામાં પામર પરેશે પચાસેક પ્રશ્નો પૂછ્યા. પરેશના પિષ્ટપેષણથી પ્રકોપિત પિન્કીએ પરેશને પંજો પરખાવ્યો.પંજાનો પરચો પામીને પરેશનો પ્રેમાલાપ પૂર્ણવિરામ પામ્યો.

પટાંગણની પાળી પાછળ પાંપણોથી પ્રવૃત્ત પિન્કીના પાડોશી પ્રણવે પરિવારોને પટાંગણ પ્રકરણ પહોંચાડ્યું. પાડોશીઓની પંચાત પરિષદો પણ પ્રારંભાઈ. પરેશના પપ્પાએ પુત્રને પરોણાથી પુનઃ પણ ઝાર્યો. પરેશ પુષ્કળ પ્રસ્વેદ પ્રસ્ફુટન પામ્યો. પિન્કીના પપ્પાએ પણ પિન્કીને પ્રાંગણની પરિમિતિનો પ્રતિબંધ પૂરો પાડ્યો. પ્રેમી પંખીડા પિંજરે પૂરાણા.



પિન્કીના પાડોશી પ્રણવે પિન્કીને પામવા પોતાના પપ્પા પાસે પ્રયત્ન પ્રારંભાવ્યો. પૈસાથી પૂર્ણ પ્રણવના પરિવારે પિન્કીના પરિવારને પદ્ધતિસરનો પરિણય પ્રસ્તાવ પહોંચાડ્યો. પિન્કીના પપ્પા પૈસાના પરિદ્દૃશ્યના પ્રભાવમાં પૂરેપૂરા પલળ્યા. પ્રણવના પાસા પોબારા પડયા. પરેશે પિન્કીના પપ્પાને પ્રતિદિન પુષ્કળ પ્રાર્થનાઓ પોકારી. પરિણામે પિન્કીના પપ્પાએ પરેશના પગમાં પાવડાથી પોપટ પાડયો. પ્રાર્થનાઓના પોકળ પ્રયત્નમાં પરેશ પ્રખર પસ્તાયો.પ્રતિશોધની પ્રબળ પ્રતિજ્ઞાથી પ્રેરિત પરેશે પિન્કીના પ્રારબ્ધમાં પ્રણવના પેંધા પડ્યા પહેલા પ્રણવ પાછળ પરસેવો પાડ્યો.

પરેશે પાલનપુરમાં પ્રણવ પ્રાયોજિત પાંચેક પ્રપંચ પ્રકરણોના પુરાવા પિન્કીના પપ્પાને પૂરા પાડ્યા. પરેશની પ્રયુક્તિ પાર પડી. પિન્કીએ પણ પપ્પાને પ્રણવના પરિવારના પૈસાની પામરતાના પ્રમાણમાં પરેશનું પ્રેમ પરાકાષ્ઠાનું પવિત્ર પલડું પારખવા પલળેલી પાંપણે પ્રાર્થના પેઠે પંક્તિઓ પોકારી.

" પેલાનો પૈસો પાણીદાર,
પિયુનો પ્રેમ પાણીદાર "

" પૈસા પેઠે પરપોટા, પલકમાં પામે પૂર્ણે પૂર્ણ,
પ્રેમ પેઠે પરમાત્મા, પ્રતિપળપોષેપૂર્ણે પૂર્ણ"

પટ્ટો, પાદુકા, પંજો, પરોણા પછી પાવડાથી પણ પોપટ પડાવ્યા પછી પણ પિન્કી પ્રત્યેના પરેશના પ્રચંડ પ્રમાણિક પ્રેમની પવિત્રતાએ પોત પ્રકાશ્યું. પાંચ પતંગનાપૈસા પણ પપ્પા પાસેથી પ્રાર્થનાથી પ્રાપ્તતા પરેશના પ્રેમ પ્રભાવે પિત્તો પલટાતા પિન્કીના પપ્પા પળવારમાં પલળ્યા. પ્રેમ પાસે પૈસો પરાજયો. પરેશના

પપ્પાને પણ પુત્રના પ્રેમ પ્રકરણ પ્રવાહનો પડઘો પહોંચતા પિન્કીના પરિવારને પદ્ધતિસરનો પ્રસ્તાવ પહોંચાડ્યો.

પરાજિત પ્રણવે પાછું પ્રપંચ પ્રારંભ્યું. પિન્કીના પર પુરુષપ્રીતના પોકળ પ્રતિબિંબો પંચાયત પરિષદોમાં પ્રસરાવ્યા. પિન્કીની પવિત્રતા પ્રત્યે પાડોશીઓમાં પ્રશ્નો પહોંચાડ્યા. પરેશના પરિવાર પાસે પણ પ્રશ્નનો પડઘો પહોંચ્યો. પરેશે પ્રણવને પકડવા પ્રયત્નો પ્રારંભ્યા. પકડાપકડી પછી પરેશે પ્રણવને પડકારતા પડછંદ પ્રણવે પિત્તળનો પંજો પંજામાં પહેરીને પરેશના પેટમાં પછાડ્યો. પ્રચંડ પ્રહાર પામેલા પરેશે પોતાનો પનો પારખીને પારોઠના પગલાં પ્રારંભ્યા.

પાગલ પરેશની પ્રજ્ઞા પણ પોઢી. પરેશે પિન્કીને પરમેશ્રવરની પ્રાણ પ્રતિષ્ઠિત પ્રતિમાવાળા પરિસરમાં પોકારી. પરિસરની પરસાળમાં પિન્કીને પ્રત્યક્ષ પળે પરણવા પ્રાર્થી. પિન્કીએ પાગલ પરેશને પુચકારીને પરિસ્થિતિ પલટી. પરંતુ પછી પરેશે પિન્કીને પરાણે પાલનપુરમાંથી પલાયન પ્રવૃત્તિના પ્રબંધ પ્રત્યે પ્રોત્સાહનનો પ્રયત્ન પ્રારંભ્યો. પ્રકોપિત પિન્કીએ પરેશની પીઠમાં પેન્સિલ પરોવી. પણ પછી પિન્કીએ પરેશને પ્રેમથી પુચકારીને પોલીસ પ્રકરણ પ્રારંભવાની પ્રયુક્તિ પૂરી પાડી. પરંતુ પછી પરેશના પપ્પાને પરેશના પેટની પીડા પરત્વે પરેશના પલંગની પહેરેદારી પૂરી પાડવા પ્રેરીને પોતે પોલીસ પાસે પહોંચીને પ્રણવ પ્રાયોજિત પોકળ પ્રતિબિંબોની પ્રમાણિતતાની પિછાણ પ્રારંભવા પ્રચંડ પોકાર પાડી. પોલીસે પ્રણવને પકડ્યો. પોલીસે પોતાની પદ્ધતિથી પ્રશ્નો પૂછતા પ્રણવે પોપટ પ્રકારે પટોપટ પોકળ પ્રતિબિંબોની પારાયણ પ્રારંભીને પસ્તાવો પ્રદર્શયો.

પોલીસ પ્રકરણથી પ્રપંચના પરાજયનું પ્રભાવી પરિણામ પામીને પિન્કીની પ્રજ્ઞા પ્રતિભાના પ્રકાશપુંજથી પ્રભાવિત પરેશે પાડોશી પરિવારોની પરિષદમાં પદ્ય પોકાર્યું.

" પ્રેમ પ્રપંચો પ્રગટે પુરપાટ,

પ્રેમ પ્રવાહો પ્રસરે પુરપાટ "
" પ્રીત પિશાચોની પછડાટ પારાવાર,
પ્રીત પુષ્પોની પમરાટ પારાવાર "

પખવાડિયા પછીના પ્રસંગમાં પ્રેમ પથના પથિકોએ પરિણય પ્રક્રિયાનો પ્રાથમિક પીળો પરવાનો પરસ્પર પંજામાં પહેરાવ્યો.પટ્ટો, પાદુકા, પંજો, પરોણો, પાવડો, પેન્સિલ પછી પિત્તળના પંજાથી પણ પોપટ પડાવ્યા પછી પરિણામે પરેશ પિન્કીના પ્રારબ્ધ પરિઘમાં પધરામણી પામ્યો.પરેશની પસંદગીનો પતંગ પૂર્ણ પવિત્ર પવન પામ્યો.પ્રસંગમાં પિન્કીએ પણ પાંપણ પાડતા પોતાના પક્ષેનું પૂર્ણ પરિદૃશ્ય પોપચા પર પડવું પ્રારંભાયું.પુનાના પોશ પરિવારો, પૈસાદાર પ્રજા પછી પાપી પનોતીઓને પણ પ્રતિબંધિત પાવડર પૂરો પાડતાં પેટ્રીકે પાકિસ્તાનના પરવેઝ પાસે પાવડરના પચાસ પડીકાનું પાર્સલ પામવા પુષ્કળ પૈસો પિન્ટો પરદેશીના પોર્ટલ પરથી પ્રતિબંધિત પૈસાના પ્રકારે પહોંચાડ્યો.

પરવેઝે પાવડરના પડીકાઓનું પાર્સલ પાણી પથે પોરબંદર પહોંચાડ્યું. પાર્સલ પોરબંદરથી પુના પહોંચાડવાની પ્રયુક્તિ પાવડરની પરિવહન પ્રક્રિયામાં પારંગત પાલનપુરના પન્ટર પ્રણવે પ્રયોજેલી. પ્રથમ પ્રણવે પોરબંદર પહોંચીને પરવેઝ પાસેથી પાવડરના પચાસ પડીકાઓનું પાર્સલ પ્રાપ્તેલ. પાલનપુર પહોંચીને પાર્સલના પડીકાઓ પાલનપુરના પ્રખ્યાત પેંડાના પેકિંગ પૂંઠામાં પોઢાડીને પોતાની પ્રિયતમા પિન્કીને પકડાવ્યું.પપ્પાના પૈસે પાણીપુરી પણ પરાણે પામતી પિન્કીએ પોતાના પ્રારબ્ધને પ્રકાશવાની પ્રબળ પ્રેરણામાં પિસાવાની પીડા પાક્યા પછી પાડોશી પ્રણવના પાણીદાર પૈસાના પરમ પ્રભાવમાં પલળીને પ્રણવ પ્રત્યે પોતાની પહેલથી પ્રીત પ્રગટાવેલી. પ્રણવના પૈસે પાપી પ્રમદ પામીને પોતે પણ પાપની પ્રવૃત્તિઓ પ્રારંભેલી.

પિન્કીએ પ્રણવનું પાપનું પાર્સલ પહોળા પાકીટમાં પૂરીને પાલનપુરની પશ્ચિમે પ્રવૃત્ત "પવનમાં પેરાશુટથી પૃથ્વી પર પતન

પામવાના પ્રયોગના પાઠ પઢાવતી પાઠશાળા" પર પહોંચીને પુનાથી પધારેલા પ્લેનના પાઈલટને પાર્સલ પહોંચાડ્યું.પ્રત્યક્ષ પાઠશાળામાં પાંચેક પખવાડિયા પૂર્વે પુનાના પાઈલટની પીટાઈ પ્રકરણના પ્રતાપે પ્રણવ પર પાઈલટે પાઠશાળામાં પ્રવેશ પ્રતિબંધ પ્રારંભેલ. પ્રણવના પ્રવેશ પ્રતિબંધથી પિન્કીને પાર્સલનું પરિવહન પ્રારંભવું પડેલ.પાઈલટે પાવડર પારખ્યા પછી પાર્સલ પરિવહનના પરિશ્રમ પ્રત્યેના પૈસા પુરા પાડવાની પ્રક્રિયાના પાસવર્ડ પેઠેના પરવાનાની પેટર્નની પ્રિન્ટ પામેલા પાનમસાલાનું પચરંગી પેકિંગ પ્લાસ્ટિક પહેરેલો પતંગ પિન્કીને પૂરો પાડ્યો.

પતંગ પામીને પરસેવે પલળેલી પિન્કીએ પોતાના પ્રાંગણમાં પહોંચીને પ્રાંગણમાં પાથરેલા પલંગની પાંગત પર પતંગ પછાડીને પળભર પોરો પામવો પ્રારંભતી પળે પુષ્કળ પવન પલટાયો. પતંગ પલંગ પરથી પ્રાંગણના પગથિયે પહોંચ્યો. પાડોશી પરેશનો પતંગ પણ પાંગરા પામવાની પ્રક્રિયાની પ્રારંભની પ્રત્યક્ષ પળે પિન્કીના પ્રાંગણમાં પતન પામીને પગથિયે પહોંચ્યો. પુષ્કળ પલટાયેલા પવનથી પરસ્પર પરિચીત પ્લાસ્ટિક પરિવારના પતંગો પલટીઓ પામ્યા. પરેશની પાંપણના પ્રભાવમાં પલળેલી પિન્કીએ પૈસાના પરવાનાનો પોતાનો પતંગ પરેશને પકડાવેલ. પછી પરેશનો પતંગ પ્રણવને પહોંચાડેલ.

પૈસા પામવાના પરવાનાનો પતંગ પાંડુને પકડાવીને પચ્ચીસ પેટીના પ્રમાણમાં પૈસા પામવા પ્રણવ પાંડુ પાસે પહોંચેલ. પ્રણવ પવનથી પરિવર્તન પામેલી પરિસ્થિતિનો પાંડુને પાસેથી પરચો પામેલ. પુષ્કળ પ્રકોપિત પ્રણવે પિન્કીને પછીતે પોકારી પણ પ્રશ્ન પૂછ્યા પહેલાં પ્રણવે પિન્કીને પટોપટ પંજા પરખાવીને પાસવર્ડ પતંગ પૂરો પાડવા પૂછેલ. પ્રણવના પંજા પામેલી પિન્કી પળવારમાં પ્રાંગણમાં પાથરેલા પલંગે પહોંચેલ. પગ પાસે પથ્થરમાં પરોવેલ પ્રેમપત્ર પામીને પિન્કીની પાંપણ પરેશ પર પડતા પ્રત્યક્ષ પળે પટોપટ પિન્કીની પ્રજ્ઞાએ પવન પલટાતા પલટાયેલી પરિસ્થિતિના

પ્રતાપે પ્રાપ્તેલ પંજાની પરિભાષા પામેલ. પળવારમાં પરિસ્થિતિ પામીને પાસવર્ડ પતંગ પરત પામવાની પ્રયુક્તિ પ્રારંભીને પિન્કીએ પાંપણો પટપટાવેલ. પછી પરેશના પગ પંખીની પાંખ પેઠે પ્રવેગ પામેલી પળે પ્રણવની પ્રજ્ઞા પરિસ્થિતિની પોકળ પરિભાષા પામેલ. પ્રણવની પ્રજ્ઞાએ "પિન્કીએ પૈસા પડાવીને પ્રીત પણ પલટાવીને પરેશમાં પરોવી" પ્રમાણેની પોકળ પરિકલ્પનાનું પ્રત્યારોપણ પૂરું પાડેલ.

પાંડુ પૈસા પ્રવાહનો પારંગત પણ પ્રખર પ્રકોપી પુરજો. પુના, પટિયાલા, પટના પછી પુડુચેરી પ્રમાણેના પુરા પટમાં પૈસાના પરિવહનના પ્રવાહમાં પોતાના પ્રાંત પ્રદેશનો પ્રમુખ. પેટ્રિક પેઠેના પાપીઓની પાસેથી પૈસા પ્રાપ્તિને પોતાની પ્રક્રિયાથી પોતાના પ્રાંત પ્રદેશ પરિઘમાં પ્રગટતા પરિશ્રમના પૈસા પૂરા પાડવાના પ્રકરણોમાં પૈસા પૂરા પાડતો. પોતાની પ્રક્રિયામાં પ્રથમ પેટર્ન પાસવર્ડ પેટ્રિક ને પૂરા પાડેલા. પેટ્રિકે પાસવર્ડ પેટર્નની પાનમસાલાના પેકિંગ પ્લાસ્ટિક પર પ્રિન્ટ પાડીને પ્લાસ્ટિક પતાકડું પાઈલટને પૂરું પાડેલું. પાઈલટે પ્લાસ્ટિકનું પતંગમાં પરિવર્તન પૂરું પાડેલ. પાપી પરેશ પોતાના પરિશ્રમ પરત્વે પચ્ચીસ પેટીના પ્રમાણમાં પૈસા પાંડુ પાસેથી પામવા પહોંચતા પતંગે પોકળતા પોકારેલી. પ્રણવના પતંગની પ્રમાણિતતા પતન પામતા પાંડુએ પિસ્તોલથી પ્રકોપ પ્રદર્શેલો. પાંડુએ "પ્રણવ પોલીસનું પગી પદ પામ્યો" પ્રમાણેની પરિકલ્પના પણ પ્રદર્શેલી. પાંડુના પ્રકોપના પ્રભાવમાં પ્રણવે પિન્કીના પૈસા પામવાના પરાક્રમની પરિકલ્પના પરત્વે પાંડુને પૂછપરછનો પ્રયત્ન પણ પોઢાડેલો. પૂછપરછ પરાક્રમ પાર પડવાની પરિસ્થિતિમાં પિન્કીનું પરેશ પ્રકરણ પૂર્ણતા પામત. પરંતુ પાંડુની પિસ્તોલના પ્રભાવમાં પિન્કીનું પરેશ પ્રકરણ પ્રવેગ પામેલ. પરેશ પ્રત્યે પાંપણ પટપટાવ્યા પછી પિન્કીની પ્રજ્ઞામાં પ્રણવના પંજા પ્રકોપ પ્રભાવનો પડઘો પડતા પતંગ પરત પામવાની પ્રક્રિયામાં પ્રથમ પરેશને પુચકારવાનો પ્રયોગ પ્રારંભેલ. પરેશને પેલા પટાંગણમાં પોકારેલ. પાળી પાછળથી

પાંપણોથી પ્રવૃત્ત પ્રણવે પુનઃ પરિસ્થિતિની પોકળ પરિકલ્પના પામીને પંખીડાઓને પિંજરે પુરાવેલ. પિંજરે પુરાતા પિન્કીનો પતંગ પરત પામવાની પ્રયુક્તિ પ્રલંબાતા પ્રણવની પ્રજ્ઞાએ પિન્કીના પરાક્રમની પોકળ પરિકલ્પનાને પુખ્તતા પૂરી પાડેલ. પરંતુ પરેશને પિન્કીના પરિધમાંથી પછાડીને પોતે પ્રવેશવા પરિણય પ્રસ્તાવ પહોંચાડેલ. પૈસાના પ્રભાવમાં પિન્કીના પપ્પા પલળેલ. પિન્કીના પપ્પાએ પ્રસ્તાવ પોંખતા પિન્કીએ પોતાના પ્રારબ્ધમાં પ્રણવને પ્રવેશતો પરિકલ્પ્યો. પરંતુ "પ્રણવના પાવડર પ્રકરણમાં પરિવહન પરાક્રમ પ્રમાણેના પોતાના પાપ પર પ્રણવના પ્રકાશ પાડતાં પોતાના પરિવારને પણ પોલીસ પ્રતાડશે" પ્રમાણેની પરિકલ્પનાના પ્રભાવમાં પીડાઈને પોતે પણ પ્રણવનાં પરિવારના પ્રસ્તાવને પરાણે પોંખેલ. પરંતુ પરેશે પ્રતિશોધમાં પ્રણવના પાંચેક પ્રકરણોના પુરાવા પૂરા પાડેલ. પિન્કીમાં પણ પરેશને પુચકાર્યા પછી પરેશનો પુરાવા પ્રબંધ પામીને પરેશ પ્રત્યે પાછો પ્રચંડ પ્રેમ પ્રગટતા પેલી પંક્તિઓ પોકારીને પપ્પાને પરેશનો પ્રેમ પિછાણવા પ્રાર્થના પોકારેલ. પ્રાર્થનાથી પિન્કીના પપ્પા પલળેલ.પરેશના પપ્પાએ પણ પિન્કીના પપ્પાને પ્રસ્તાવ પહોંચાડતા પ્રણવનો પ્રસ્તાવ પતન પામેલ. પછી પ્રણવે પ્રતિબિંબ પ્રપંચ પ્રારંભેલ.

પછી પાગલ પરેશે પ્રણવને પડકારતા પોતે પિત્તળનો પંજો પેટમાં પામતા પિન્કીને પલાયન પ્રયોગ પ્રત્યે પ્રેરતા પિન્કીએ પરેશને પોલીસ પ્રકરણ પ્રારંભવા પ્રેર્યો પણ પછી પ્રત્યક્ષ પળે પિન્કીની પ્રજ્ઞાએ પ્રયુક્તિ પૂરી પાડતા પિન્કીએ પરેશના પ્રાંગણે પહોંચીને પરેશના પપ્પાને પ્રણામ પૂરા પાડી પરેશને પલંગેપોઢાડી પેલો પ્રથમ પરિચય પેઠેનો પાસવર્ડ પતંગ પ્રેમ પ્રતીક પેઠે પામવા પ્રમદપૂર્વક પૂછ્યું. પણ પરેશ પાસે પેલા પ્લાસ્ટિકના પાંચેપાંચ પતંગ પડેલા. પિન્કીએ પાંચ પતંગનો પંજો પરેશને પુચકારીને પ્રેમ પ્રતિક પેઠે પ્રાપ્તેલ. પરેશે પિન્કીની પ્રયુક્તિને પ્રમદમાં પાગલ પ્રેમલીલા પરિકલ્પેલ.

પછી પિન્કીએ પરેશની પેટની પીડાના પ્રકરણને પરેશના પરિવારમાં પ્રકાશીને પરેશના પપ્પાની પલંગ પાસે પહેરેદારી પ્રારંભાવેલ. પછી પિન્કીએ પોતે પોલીસ પાસે પહોંચીને પ્રણવને પકડાવેલ. પોલીસ પોતાની પદ્ધતિથી પ્રણવનું પ્રપંચ પામ્યા પછીની પ્રક્રિયા પ્રારંભતા પહેલા પિન્કીની પ્રજ્ઞાએ પુરપાટ પ્રવેગે પળ પારખીને પ્રખર પ્રયુક્તિ પ્રારંભેલ. પિન્કીએ પોલીસને "પ્રણવ પચ્ચીસ પેટી પ્રમાણેના પૈસા પિન્કીને પૂરા પાડે પછી પિન્કી પાંચ પેટી પોલીસને પૂરી પાડે" પ્રમાણે પઢાવ્યું. પોલીસે પૈસાના પ્રભાવમાં પ્રણવ પ્રકરણને પળમાં પૂર્ણાહુતિમાં પલટાવેલ. પ્રણવ પણ પોતે પિન્કીના પરિવાર પછી પાડોશીઓમાં પણ પોતાના પ્રપંચ પ્રત્યે પસ્તાવો પ્રદર્શીને પિન્કીના પ્રારબ્ધ પરિઘમાંથી પાછો પડેલ.

પિન્કીએ પોલીસને પ્રતિબિંબ પ્રપંચ પ્રત્યે પ્રણવની પોકાર પાડેલ. પણ પાવડર પ્રકરણ પર પડદો પાડેલ. પરંતુ પ્રણવને પ્રતિપળ "પોતાનું પાવડર પ્રકરણ પણ પિન્કી પોલીસને પહોંચાડશે" પેઠે પરસેવો પડતા પિન્કીને પટોપટ પછીતે પોકારીને પોતાના પાસવર્ડ પતંગના પિન્કી પાસેથી પ્રાપ્તવાના પૈસાના પ્રમાણમાં પરસ્પર પૈસા પ્રકરણના પૂંછડે પાવડર પ્રકરણની પણ પૂર્ણાહુતિ પૂરી પાડવા પૂછેલ. પરેશને પાકા પાયે પોતાના પ્રારબ્ધમાં પામવાની પરિકલ્પનાથી પ્રેરાઈને પિન્કીએ પણ પ્રમદ પ્રદર્શેલ. પછી પિન્કીએ પાંડુ પાસેથી પચ્ચીસ પેટી પ્રાપ્તિને પાંચ પેટી પોલીસને પહોંચાડેલ. પિન્કીના પરાક્રમોથી પૂર્ણ પણે પડદામાં પૂરાયેલા પરેશને પ્રણવ પ્રકરણ પળમાં પૂર્ણાહુતિ પામતા પોતે પિન્કીના પ્રકાશપુંજના પ્રભાવમાં પેલું પદ્ય પોકારેલ.

પ્રસંગ પૂરો પાડ્યા પછી પિન્કીએ પ્રણવના પરિવારને પણ પાલનપુરના પેલા પ્રખ્યાત પેંડાનું પેકેટ પહોંચાડ્યું. પછી પિન્કીએ પ્રાંગણમાં પાથરેલા પેલા પલંગમાં પડ્યા પડ્યા પૂર્ણાહુતિ પામેલી પરિસ્થિતિઓના પરિદૃશ્ય પરત્વે પળમાં પરિભાષા પરિકલ્પી.

પરેશ પક્ષે: પ્રેમ પાસે પૈસો પરાજયો.પોતાના પક્ષે: પાપ પોઢયું, પૈસો પાક્યો, પવિત્ર પ્રેમ પણ પામીને પ્રારબ્ધ પ્રકાશ્યું.પ્રણવ પક્ષે: પૈસાનાપૂંછડે પ્રેમ પણ પટકાયો પણ પાવડર પાપ પર પડદો પડ્યો. પછી પિન્કીએ પાલનપુરના પેલા પ્રખ્યાત પેંડાના પેકેટની પણ પ્રભાવ પરિભાષા પ્રકલ્પી.

પ્રણવ પક્ષે પેંડાનું પેકેટ:

-પ્રથમ પૈસાનું પોટલું

-પછી પરાજયનું પોટલું

પોતાના પક્ષે પેંડાનું પેકેટ:

-પ્રથમ પાપ પરિઘમાં પ્રવેશતા પ્રારબ્ધનું પોટલું.

-પછી પવિત્ર પ્રેમના પરવાનાના પુરાવાથી પ્રણવને પરાજયનું પ્રતિક પૂરું પાડવાનું પોટલું.

"પ્રેમ પતંગ પ્રકરણ પૂર્ણ"

- હિતેષ પાટડીયા, ૯૭૧૪૯૮૩૮૫૦

ગાંધીનગર



સાયકલ સ્ટોરીઝ-૨ - મનાલી-લેહ રૂટ

મૂળ લેખન -શૈલેષ પ્રિયદર્શી
રજુઆત -નિરજ ગામીત

માર્હિ(૧૧,૨૦૦ ફીટ) થી સિસ્સુ (૧૦૨૩૫ ફીટ ઉંચાઇ) -

વાયા રોહતાંગ પાસ (૧૩,૫૦૦ ફીટ) અંતર -૫૦ કીમી

કુમળો તડકો વેરતી સવાર ઉગી હતી. આજે રોજ કરતા બધા મોડા જાગ્યા. સવારનો નાસ્તો કરી અને બપોરનું જમવાનું પેક કરાવીને અમે સવારે ૮:૦૦ વાગ્યે સાયકલ પ્રવાસ આરંભ્યો. અમારો આગામી પડાવ સિસ્સુ હતો. ત્યાં સુધી અમારે વાયા રોહતાંગ પાસ થઈને પહોંચવાનું હતું. આ આખો રૂટ વૈવિધ્યપૂર્ણ ભૂગોળ ધરાવતો હતો. શરૂઆતનો ૧૬ કીમી જેટલો માર્ગ ચઢાણવાળો હતો.(જે સાયકલવીરોની કસોટી કરી નાંખે તેવો હતો.) ત્યારબાદનો ૩૪ કીમી જેટલો સિસ્સુ સુધીનો માર્ગ ઢોળાવવાળો હતો. આ રૂટમાં આવતો ઉતરાણવાળો માર્ગ તો સાવ જ કાચો-ધૂળીયો હતો. બલકે રસ્તો જ ન હતો એમ કહીએ તો પણ ચાલે. માત્ર કાદવ અને કિચડ, પાણી અને પથ્થરો જ જ્યા ત્યાં પડ્યા હતા. આ બધા વચ્ચે સાયકલ રમરમાટ કરતા જતી હતી.

સવારે ૮:૦૦ વાગ્યે હંકારેલી સાયકલો બપોરે ૧૨:૩૦ વાગ્યે રોહતાંગ પાસ પહોંવાની હતી પરંતુ રોહતાંગ પાસ પહોંચતા પહેલા માર્હિથી રોહતાંગ સુધી અમારે અઘરા ચઢાણ સર કરવાના

હતા. આમ તો અમારે માર્હિથી રોહતાંગ સુધી ૧૬ કીમી જેટલું જ અંતર કાપવાનું હતું પણ સાહેબ આ ૧૬ના આંકડા પર ના જાવ .એ




૧૬ કીમી બધા સાયકલવીરો માટે ૧૬૦૦ કીમી થઈ પડ્યા હતા. એક-એક મીટરનું ચઢાણ અમારો પરસેવો કાઢતું હતું. અગાઉના દિવસે અમે માર્ગમાં આવતા વળાંકો ગણી ગણી અમે થાક્યા હતા.તેથી આ ટૂંકુ અંતર પણ અમને લાંબુ લાગવા લાગેલું. હવે થોડી ઉંચાઈ સર કરતા જ ચારેબજુ બરફ દેખાવા લાગ્યો હતો.બરફની જાડી દિવાલો વચ્ચે સાયકલીંગ કરવાનો રોમાંચ કંઈક અનેરો હતો. સવારમાં પડતી કાતિલ ઠંડીને ખાળવા ત્રણ ચાર સ્તરના એવા કપડાં અમે પહેરેલા હતાં અને આ કપરી ચઢાઈ કરતાં તેમાં પરસેવા વળવા લાગ્યા હતાં.ત્યારે અમે કપડાં સ્તર ઘટાડીએ પણ પાછી ઠંડી લાગે એટલે એ ફરી પહેરી લઈએ.બસ આજ કસરતમાં અમે બપોરે

૧૨:૩૦ વાગ્યે રોહતાંગ પહોંચી ગયા. અમારા સાયકલપ્રવાસમાં આવતા ઘણા પાસ પૈકી રોહતાંગ પાસ પહેલો પાસ હતો જેને આજે અમે વટાવ્યો હતો. રોહતાંગ પાસની વાત કરું તો આગાઉ બે વાર આ પાસ મે પસાર કરેલો હતો પણ સાયકલયાત્રાની વાત અલગ જ છે. આ એક અલગ અનુભવ હતો.આજની અમારી સાયકલયાત્રા અમને સિધ્ધિ સમાન લાગતી હતી.

રોહતાંગ પહોંચી અમે ત્યાં સારો એવો સમય પસાર કર્યો. એ પ્રદેશની સુંદરતાને મનભરી માણી. (જે તે પ્રદેશને શાંતિથી માણવા કોઈ મોકાના સ્થળે થોભવુ જોઈએ.) અમારું બપોરનું ભોજન અમે અહીં લીધું અને ફરી પાછા સાયકલ પર બિરાજમાન થયા.હવે અમારે ઢોળાવમાં ઉતરાણ કરવાનું હતું. આ માર્ગ પર સાયકલ ચલાવતા ચલાવતાં મને આ માર્ગ દુનિયાનો સૌથી સુંદર માર્ગ છે એમ લાગવા લાગ્યું. ચારેબાજું જ્યા જુઓ ત્યાં બરફ જ બરફ દેખાતો.(મેદાની પ્રદેશના માણસ માટે આ અજાયબી જ કહી શકાય!) આ દ્રશ્ય મને કાયમ યાદ રહી ગયું. ત્યાં જ અમારો પ્રથમ તીવ્ર ઢોળાવ આવ્યો. જેને અમારે પાર કરવાનો હતો. આગલા દિવસે સારો એવો વરસાદ થયો હાતો જેને કારણે મારા હાથ -ઘૂંટણના



ગાર્ડઝ ભીના થઇ ગયા હતા. જેથી મે આજે આ ગાર્ડઝ પહેર્યા ન હતા. રસ્તાને જોતા જ ગભરામણ થઇ આવી પણ જાના તો થા હી .. અને " ડર કે આગે જીત હૈ.." વાળી લાગણીથી મનોબળ વધ્યુ. આમ કરી મે સાયકલને ઢોળાવ પરથી રેલાવી મૂકી અને આ શું?? ડરનું બાષ્પીભવન થઇ ગયું. મને મજા આવવા લાગી. આ "ઓફરોડીંગ" સાયકલસવારીએ મને મજ્જો કરાવી દીધો. ("ઓફરોડીંગ" સાયકલીંગ એ અલગ લેખનો વિષય બને તેમ છે તેને આજે જવા દઈએ .) બપોરે ૨:૩૦ કલાકે અમે સિસ્સુ પહોંચી ગયા. કુદરતની ગોદમાં અથવા કહો કે હિમાલયની ગોદમાં આવેલી આ જગ્યા મજાની હતી. નાનકડાં જંગલ વચ્ચે અમારા ટેન્ટ ઉભા કરવામાં આવ્યા હતા. ટેન્ટની બાજુમાં જ ધોધ અને નદી હતી. આ બધુ જોઈને આંખોને જલસા પડવા લાગ્યા.




બપોર સુધીમાં જ મંજીલ પર પહોંચી જવાને કારણે મોટાભાગના સાયકલવીરો થાક્યા ન હતા. હવે એ બધાએ થાકવાનો બીજો ધંધો આદર્યો. બધા લોકો ત્યાંના સ્થાનિકો સાથે ક્રિકેટ રમવા લાગી પડ્યા.કાયમની જેમ અહીં પણ મે સારી બોલિંગ કરી. થકવી નાંખે એવા આગળના દિવસો કરતાં આજનો દિવસ ઘણો જ આરામદાયક રહ્યો હતો. રાતે ભોજન લીધા બાદ અમે એ સંતોષ સાથે સૂઈ ગયા કે સમગ્ર સાયકલ

યાત્રા પૈકી ૨૦ % યાત્રા તો
અમે આજે પૂરી કરી છે
ને આગળની યાત્રા પણ
પૂર્ણ થશે તેવો મનમાં વિશ્વાસ
જાગ્યો હતો.

-મૂળ લેખન -શૈલેષ પ્રિયદર્શી
9724804370

રજુઆત -નિરજ ગામીત





આ માનવ ક્યા ખોવાયો ?

ચકલાઓએ ચર્ચા માંડી, કબૂતરોમાં કલબલ મચી
કૂતરાઓને કૌતુહલ થયુ, ધરતીના ધબકારા વધ્યા
વૃક્ષો તો વિચારમાં પડ્યા, વાદળાઓ વંટોળે ચડ્યા
કે આ માનવ ક્યા ખોવાયો ?
થયુ કે ગયો ! માનવ પૃથ્વી છોડી ગયો !!
પંખીએ પાંખો ખોલીને આભ પર અધિકાર કર્યો
વડલાએ વનરાયુ ખોલી સ્વચ્છ હવાનો સ્વાદ લીધો
વાદળોએ વંટોળે ચઢીને ખુલ્લા ગગનમાં ગોત લગાવી
પાણીએ મલિનતા મૂકી ખળખળ કેવી દોટ લગાવી
પૃથ્વીએ પાલવ પ્રસરાવી ધરતીને ધાવણ ધવરાવ્યુ
માનવ વિનાના આ દિવસોમાં પ્રકૃતિએ "જશ્ન" મનાવ્યુ.

-કેપ્ટન રાઠોડ “વિદ્રોહી”
ગાંધીનગર

આદત છે મને...



એવું નથી કે તું મારી નથી...
બસ માત્ર તારો બની
રહેવાની આદત છે મને...
એવું નથી કે તું નહિ આવે...
બસ અનંત સુધી તારીવાટ જોવાની
આદત છે મને...
એવું નથી કે તું ખુશ નથી...
બસ તને મન ભરી હસાવાની
આદત છે મને...
એવું નથી કે તું રાજી નથી...
બસ તને એ રીતે મનાવવાની
આદત છે મને...
એવું નથી કે તને જોઈ નથી...
બસ તને મન ભરી નિહાળવાની
આદત છે મને...
એવું નથી કે તું સમીપ નથી...
બસ તને દૂરથી મહેસૂસ કરવાની
આદત છે મને...
એવું નથી કે તું નથી...
બસ એ અહેસાસમા રહેવાની
આદત છે મને...
એવું નથી કે તું આદત નથી...
બસ તને એ રીતે બેફિક્ર રાખવાની
આદત છે મને...
- તારી રાધા.

મીમ ઓફ ધ મન્થ



-મૃગેશ દવે, ૯૭૨૩૨૨૪૪૬૨
ગાંધીનગર

નેચરનો નજારો



ઉપરની તસ્વીર દેખાય છે તે જેટ્રોફા (રતનજ્યોત) છોડની છે. આ છોડને આપણે બધા બાયોડિઝલ પ્રોડક્શનના પ્લાન્ટ તરીકે ઓળખતા હોઈશું, પણ શું તમને ખબર છે રોડ સાઈડ કે ગમે ત્યાં ઉગી નીકળતા આ છોડના ક્ષીરને (જુઓ તસ્વીર) છોલાઈ ગયા પર કે ઘા/વાગ્યા પર લગાવાથી ખુબ ઝડપી રૂઝ આવી જાય છે? આ ક્ષીરમાં એવા તે તત્વો છે કે જે આપણા બોડીનું હિલિંગ પાવર ઝડપથી વધારી દે છે, જે કદાચ સોફ્રામાઈસિન જેવી ક્રિમ ન કરી શકે. જો વાહ્ન ચલાવતા પડી જાઓ અને બરાબર છોલાય અથવા તમે જંગલોમાં ટ્રેકિંગનો શોખ ધરાવતા હોવ અને અકસ્માત થાય તો તે સમયે રતનજ્યોત છોડના ક્ષીરનો ઉપયો કરી શકો છો..છે ને નેચરનો નજારો....

-નિસર્ગ મોડિયા,૯૯૦૪૭૦૯૬૦૯, ગાંધીનગર

Arvind



Arvind


Arvind


Arvind




Arvind..



જો આપ ઉપરના કોઈ પેઈંટિગમાં રસ ધરાવતા હોય અથવા પેઈંટર જોડે આવું કોઈ સ્કેચ દોરાવવા માગતા હોવ તો તેમનો કોન્ટેક નીચેના નંબર પર કરી શકો છો.

અરવિંદ પરમાર, મો - +91 99134 30934